ગુજરાત અનઅધિકૃત વિકાસ નિયમબદ્ધ કરવા બાબતના અધિનિયમ-૨૦૧૧ અંતર્ગત નોટીસ પાઠવવાની છ માસની નિયત અવધિ તેમજ અરજદારશ્રી દ્વારા અરજી કરવાની અવધિ વધુ છ માસનો વધારો કરવા અંગે

ગુજરાત સરકાર

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

હુકમ ક્રમાંક : અનધ-૧૦૨૦૧૧-૫૩૧૯-લ (પાર્ટ)

ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

તા.૧૯.૦૨.૨૦૧૩

***આમુખ:***

ગુજરાત અનઅધિકૃત વિકાસ નિયમબદ્ધ કરવા બાબતે, કાનુની પ્રક્રિયા અનુસર્યા બાદ સને.૨૦૧૧નો ગુજરાત અધિનિયમ ક્રમાંક: ૨૬ ઓફ ૨૦૧૧ તા.૧૨.૧૦.૨૦૧૧થી બહાર પાડેલ છે. અને તેના સરળ અમલીકરણ માટે તા.૧૮.૦૨.૨૦૧૨ના રોજ સરકારે ગુજરાત અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત, નિયમો-૨૦૧૧ પ્રસિધ્ધ કરેલ છે. ઉપરોકત અધિનિયમ તથા નિયમોની જોગવાઇ હેઠળ નિર્દિષ્ટ સત્તામંડળે અનઅધિકૃત વિકાસને નિયમિત કરવાના હેતુ માટે કાયદાના અમલની તારીખથી છ માસની મુદતની અંદર સંબંધિતોને નોટીસ બજાવવાની તેમજ અરજદારશ્રી દ્વારા સીધી અરજી કરવાની રહે છે. છ માસની આ અવધિ તા.૧૯.૦૮.૨૦૧૨ના રોજ પુર્ણ થયેલ અને ત્યાર બાદ તા.૧૭.૦૮.૨૦૧૨ના હુકમથી આ અવધિ તા.૧૯.૦૨.૨૦૧૩ સુધી લંબાવવામાં આવેલ, પરંતુ મહાનરગપાલિકા તથા સત્તામંડળો તરફથી થયેલ રજુઆતો અન્વયે આ અધિનિયમની મુદત વૃધ્ધિ કરવા માટેની બાબત સરકારની વિચારણા હેઠળ હતી અને કાળજીપુર્વક વિચારણાને અંતે હવે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

ઉપયુર્કત તમામ હકીકતો અને વિગતો ધ્યાનમાં લેઇને, ગુજરાત અનઅધિકૃત બાંધકામ નિય્મબધ્ધ કરવા અંગેના અધિનિયમ-૨૦૧૧ની કલમ-૫(૨) અને તેના પરંતુક હેઠળ મળતી સત્તાની રૂએ, તથા નિયમો અન્વયે નિર્દિષ્ટ સત્તામંડળે અનઅધિકૃત વિકાસને નિયમિત કરવાના હેતુ માટે આપવાની થતી નોટીસ તથા અરજદારશ્રી દ્વારા કરવાની થતી અરજી માટેની પ્રવર્તમાન અવધિ આથી વધુ છ માસ એટલે કે, તા.૧૯.૦૮.૨૦૧૩ સુધી લંબાવવામાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને નામે,

(પી.એલ.શર્મા)

ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર તરફે (પત્રથી)
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (શ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (મહેસુલ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (પંચાયત)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો
- મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- તમામ મહાનગરપાલિકા,
- તમામ શહેરી/વિસ્તાર વિકાસ સત્તામંડળ
- તમામ કલેકટરશ્રીઓ
- તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- નગરપાલિકા નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર તરફે (તમામ નગરપાલિકાઓને જાણ કરવા સારૂ)
- શહેરી વિકાસ વિભાગની તમામ શાખાઓ
- સિલેકટ ફાઇલ
- નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.

G:\GRUDA\GRUDA_18022013\time limit extenstion order.DOC